# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-05-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

# Amit Shah Gojariaya

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે , નરેન્દ્ર મોદી સરકારે વિવિધ યોજનાઓ દ્વારા છેલ્લા 10 વર્ષમાં આરોગ્ય ક્ષેત્રમાં અભૂતપુર્વ પરિવર્તન કર્યું છે.

તેમણે જણાવ્યું કે, સરકારની આયુષ્યમાન ભારત યોજનાનો લાભ દેશનાં 60 કરોડ નાગરિકો લઈ રહ્યા છે. સરકારે ગરીબોને સ્વાસ્થ્યની સેવાઓ પૂરી પાડવા અનેક યોજનાઓ શરૂ કરી છે.

આજે મહેસાણા જિલ્લાના ગોઝારિયા ખાતે કે.કે.પટેલ અને મધુબેન કે.પટેલ નર્સિંગ કોલેજના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે જણાવ્યું કે, આ નર્સિંગ કોલેજમાં સુવિધાઓ વધવાથી અનેક ગરીબ દર્દીઓને લાભ થશે.

(BYTE AMIT SHAH GOZARIYA)

આ અગાઉ કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધન કર્યું હતું, તેમણે 2029 સુધીમાં સમગ્ર દેશમાં દરેક પંચાયતમાં કૃષિ ધિરાણ મંડળી સ્થાપિત કરવાના સરકારના મહત્વાકાંક્ષી લક્ષ્યની રૂપરેખા રજૂ કરી હતી.

શ્રી શાહ આજે અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે અને સાણંદ ખાતે તિરંગા યાત્રમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# RAIN WATER HARVESTING C. R PATIL

ભરૂચના ઝઘડિયા ખાતે આવેલી બોરોસીલ રિન્યુએબલ લિમિટેડ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર પાટીલના હસ્તે વરસાદી પાણીના સંગ્રહના અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ પ્રસંગે શ્રી પાટિલે કહ્યું હતું કે વરસાદી પાણીના સંગ્રહથી કૃષિના વિકાસની સાથે ખેડૂતોની આવકમાં પણ વધારો થશે.

(બાઈટ સી. આર. પાટિલ)

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નીતિ આયોગના આંકડા પ્રમાણે ૨૦૩૦ સુધીમાં પાણી માટે વસમી સ્થિતિનું નિર્માણ થઈ શકે એમ છે. ઇતિહાસકારોના મતે આવનારા ભવિષ્યમાં ત્રીજું વિશ્વ યુદ્ધ પાણી માટે થશે. એ યુદ્ધ ભલે પાણી માટે હોય, પણ ભારત દેશ યુદ્ધમાં ક્યાંયે નહી હોય.

. . . . . . . . . . . . .

# Amreli – Sea Safety

સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમરેલી દરિયાઈ વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના જિલ્લા વહીવટીતંત્રે આપી છે.

જાફરાબાદ મદદનીશ મત્યોલ્દ્યોગ નિયામકે દરિયામાં ગયેલા તમામ માછીમારોને તાત્કાલિક પરત ફરવા અપીલ કરી છે.

માછીમારોના જાન-માલની સુરક્ષા માટે જાફરાબાદ , ચાંચબંદર, ધારાબંદર, શિયાળબેટ અને નવાબંદર સહિતના તમામ બંદરો પર બોટો લાંગરવાનો આદેશ આપવામાં આવ્યો છે. દરિયાઈ માર્ગનો દુરુપયોગ અને આતંકી પ્રવૃત્તિઓને રોકવા માટે આ તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# ARAVALLI

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર રવિવારે સાયકલિંગનું આયોજન કરવામાં આવે છે. ફિટ ઇન્ડિયા અંતર્ગત ૩૨ કિ.મી.ની યોજાયેલી સાયકલિંગમાં જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, મોડાસા નગરપાલિકા પ્રમુખ સહિતના હોદ્દેદારો તેમજ નગરજનો જોડાયા હતા.

. . . . . . . . . . . . . .

# Morbi - Association

ભારત અને પાકિસ્તાન વચ્ચેનાં તાજેતરનાં સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને ટેકો આપનારા તુર્કી અને અઝરબૈંઝાન સામે વિરોધ ઉગ્ર બની રહ્યો છે. મોરબી સિરામિક એસોસિએશન પણ આ બંને દેશોમાં માલ મોકલવાનું બંધ કરવા વિચારી રહ્યું છે

. . . . . . . . . . . . . .

# T.B. MUKT JILLO CHOTAUDEPUR

છોટાઉદેપુર જિલ્લાને ટી. બી. મુક્ત જિલ્લો બનાવવા માટે આવતીકાલથી 100 દિવસીય ઝુંબેશ શરૂ થશે. અભિયાન દરમિયાન આરોગ્ય કાર્યકરો અને સ્વયંસેવી ટીબી ચેમ્પિયન ટીબી રોગના લક્ષણો ધરાવતા લોકોની યાદી બનાવવા સહિતની માહિતી માટે આરોગ્ય કર્મચારીઓને જાણકારી આપવામાં આવી રહી છે. આ અંગે જિલ્લા ક્ષય અધિકારી અને મુખ્ય જિલ્લા અધિકારી ડૉ. ભરતસિંહ ચૌહાણે સ્થાનિક સમુદાયમાં રહેલા તમામ દર્દીઓને ઝડપથી શોધી કાઢી યોગ્ય નિદાન કરી સરવાર શરૂ કરાવવા અને જિલ્લાને સંપૂર્ણ રોગ મુક્ત કરી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)